Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

31 ઓગસ્ટ, 2021 / 10920

પ્રતિ,

**શ્રી નીતિનભાઈ પટેલ**
માનનીય નાયબ મુખ્યમંત્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર

**વિષય : ટેક્સટાઈલ પોલિસિ -2012 ફાર્મ ને (જોબ વર્ક) અંતર્ગત કોટન પ્રોસેસિંગ SGST નું વળતર આપવા બાબત.**

આદરણીય સાહેબશ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફ થી શુભેચ્છાઓ.

નીચેની બાબતે આપશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છીએ છીએ.

<u>મેટર ઓફ ફેક્ટસ</u>

તારીખ 07/07/2018 ના રોજ ગુજરાત ટેક્સટાઈલ પોલિસી- 2012 અંતર્ગત VAT ની જગ્યાએ SGST ના વળતરની પદ્ધતિનું કારણ દર્શાવી ઉદ્યોગ કમિશનરશ્રી ની કચેરી દ્વારા કોટન પ્રોસેસિંગ (જોબવર્ક) માટેના SGST વળતરના દાવા માન્ય રાખવામાં આવેલ નથી. આ નોટિફિકેશન દ્વારા એવું જણાવવામાં આવેલ છે કે ફક્ત એલિજિબલ મેનુફેક્ચરિંગ યુનિટ દ્વારા વેચાણ કરેલ માલ-સામાન પર SGST પર વળતર આપવામાં આવશે.

અહીં એલિજિબલ મેનુફેક્ચરિંગ યુનિટ તેમને ગણવામાં આવે છે કે જેઓ માન્ય પ્રવૃતિઓ જેવી કે, કોટન તથા ટેક્નિકલ ટેક્ષટાઇલ માટે ટેક્ષટાઇલ પોલિસી - 2012 અંતર્ગત એલિજિબિલિટી સર્ટિફિકેટ ધરાવે છે.

તેમ છતાં "ગુડ્સ સોલ્ડબાય મેનુફેક્ચરિંગ" નું જુદી રીતે જ અર્થઘટન કરવામાં આવ્યું તથા ત્યારબાદ "કોટન પ્રોસેસિંગ (જોબવર્ક)" ને નોન-મેનુફેક્ચરિંગ એક્ટિવિટી ગણવામાં આવી.

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

કોટન પ્રોસેસિંગ (જોબવર્ક) ને મેનુફેક્ચરિંગ એક્ટિવિટીમાં ગણવા માટેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

| ક્રમાંક | શરતો | કોટન પ્રોસેસિંગ (જોબવર્ક) માટે લાગુ કરવાના કારણો |
|---|---|---|
| 1 | કોટનમાં વેલ્યુએડિશન (ફાર્મ-ટુ-ફેશન) | કોટન પ્રોસેસિંગએ ઉત્પાદનની મુખ્ય પ્રવૃત્તિ છે. ગ્રે-ફેબ્રિક કપડામાં રૂપાંતરિત થાય છે અને માલ વેચાણ યોગ્ય બની જાય છે.<br><br>કોટન પ્રોસેસિંગ દ્વારા ગ્રે-ફેબ્રિકનો રંગ, રૂપ અને ડિઝાઇન બદલીને વેચાણ યોગ્ય બનાવે છે.<br><br>નીતિનો મુખ્ય હેતુ ફાર્મ-ટૂ-ફેશન અને પછી ફોરેન (એક્સપોર્ટ) છે. આમાં ફાર્મ, ફાઇબર, ફેબ્રિક, ફેશન (ગાર્મેન્ટ) અને ફોરેન (એક્સપોર્ટ) શામેલ છે.<br><br>ફેશન/ગાર્મેન્ટ્સ પ્રોસેસ ફેબ્રિક પર કરવામાં આવે છે, ગ્રે-ફેબ્રિક પર નહીં. તેથી, કોટન પ્રોસેસિંગ એ ફાર્મ થી ફેશનની આવશ્યક અને મહત્વપૂર્ણ લિંક છે. |
| 2 | નવું રોકાણ | આ શરત પહેલાથી જ પૂર્ણ થાય છે. પ્રોસેસ હાઉસે નવીનતમ ટેક્નોલોજીથી સજ્જ મશીનરી ઇન્સ્ટોલ કરેલ છે જે ખુબજ કાર્યક્ષમ તથા તેના આઉટપુટ પણ સારા છે. |
| 3 | રોજગાર ઉત્પન્ન કરવા | કોટન પ્રોસેસિંગએ સૌથી વધુ રોજગાર ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિ છે. એક પ્રોસેસ હાઉસ આશરે ન્યૂનતમ 500 રોજગાર ઉત્પન્ન કરે છે. |
| 4 | ઉત્પાદન પ્રવૃત્તિ | મેનુફેક્ચરિંગ એક્ટિવિટીના વિવિધ પાસા છે. મેનુફેક્ચરિંગ એક્ટિવિટીને નવા રોકાણો, વીજળીના વપરાશ, તેમના દ્વારા ઉત્પન્ન થતી રોજગારી, વેલ્યુ-એડિશન વગેરે દ્વારા વ્યાખ્યાયિત કરી શકાય છે.<br><br>કોટન પ્રોસેસિંગએ હિસાબના ઉદ્દેશ્યથી જોબવર્કની પ્રવૃત્તિ છે. અન્યથા મેન્યુફેકચરિંગના તમામ |

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

| | | |
|---|---|---|
| | | ધોરણો પ્રોસેસ હાઉસ દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.<br><br>જો કોટન પ્રોસેસિંગ (જોબવર્ક) એ મેનુફેક્ચરિંગએક્ટિવિટી નથી તો આવા ઉદ્યોગોને ATUFS યોજના હેઠળ કેપિટલ સબસીડી, વ્યાજ તેમજ પાવર સબસીડી પણ મળવા પાત્ર નથી. આમને આ તમામ પ્રોત્સાહનો મળી રહ્યા છે તેમજ ઉપરોક્ત ઓથોરિટી અમારી એક્ટિવિટી ને મેનુફેક્ચરિંગ તરીકેજ ધ્યાનમાં લે છે. |

2) વધુમાં જણાવવાનું કે, કોટન પ્રોસેસિંગ જોબવર્કનો GST દર અને ફેબ્રિકના GST દર સમાન છે. જે સૂચવે છે કે, GST કાઉન્સિલ પણ બંનેને સમાન ગણે છે.

3) વધુમાં જણાવવાનું કે, જોબવર્ક પર SGST ની મળતી સબસીડી પોતાના ફેબ્રિક પર જોબવર્ક કરતા ઓછી હોવી જોઈએ. રાજ્ય સરકારે એલિજિબિલિટી લેટર બહાર પાડવામાં આવેલ છે તથા તેમની મહત્તમ જવાબદારી પણ સુનિશ્ચિત કરેલ છે. હવે જોબવર્ક કરવાથી સરકારનો વાસ્તવિક ઓઉટફ્લો ઓછો થશે જેને નીચે દર્શિત ઉદાહરણ દ્વારા સમજી શકાશે.

| | પોતાના ફેબ્રિક પર જોબવર્ક | જોબવર્ક |
|---|---|---|
| ગ્રે ફેબ્રિકનીખરીદી | 100.00 | 0.00 |
| ઇન-પુટ પર SGST @ 2.50% | 2.50 | 0.00 |
| વેલ્યુએડિશન (કલર / ડાઇઝકોસ્ટ + પાવરકોસ્ટ + વેતન + અન્યખર્ચ + પ્રોફિટમાર્જિન) | **50.00** | |
| વેચાણકિંમત | 150.00 | 50.00 |
| વેચાણપર SGST @ 2.50% | 3.75 | 1.25 |
| SGST નીસબસીડી | 3.75 | 1.25 |

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

આથી અમે આપશ્રીને વિનંતી કરીએ છીએ કે, ટેક્ષટાઇલ પોલિસી અંતર્ગત VAT/SGST ના વળતરનો લાભ કોટન પ્રોસેસિંગ જોબવર્કને પણ આપવામાં આવે.

મોટા ભાગના પ્રોસેસિંગ હાઉસ આ લાભ થી વંચિત રહી ગયા છે અને તે ધ્યાને રાખીને પ્રોસેસિંગ હાઉસ માટે GST ના લાભને લાભને 8 વર્ષથી વધારીને 12 વર્ષ કરવો જોઈએ.

આપ અમારી વિનંતી ને ધ્યાને રાખીને ઘટતું કરશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

| | |
|---|---|
| નટુભાઈ પટેલ | સૌરીન પરીખ |
| પ્રમુખ | ચેરમેન – ટેક્સટાઈલ ટાસ્કફોર્સ |